# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

**પરિપત્ર :-**

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી / ગ્રાન્ટ ઈન એઈડ / સેલ્ફ ફાઈનાન્સ કોલેજો/ માન્ય સંસ્થાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, જે અભ્યાસક્રમો માટે મધ્યસ્થ પ્રવેશ સમિતિની રચના કરવામાં આવેલ હોય તે સિવાયના તમામ સ્નાતક (UG) અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ:૨૦૧૭-૨૦૧૮ માટે વિદ્યાર્થીઓના પ્રવેશ માટેની કાર્યવાહી કોલેજ કક્ષાએ ઓનલાઈન કરવાની રહેશે. પ્રવેશ માટેની કાર્યવાહી તા:૦૩/૦૬/૨૦૧૭ થી શરૂ કરવાની રહેશે. ઓનલાઈન પ્રવેશ માટે પ્રત્યેક કોલેજ / સંસ્થાના આચાર્યશ્રીને ગત વર્ષે આપેલ યુઝર આઈડી તથા પાસવર્ડ યથાવત રહેશે. કોલેજ / સંસ્થા ધ્વારા ઓનલાઈન પ્રવેશ માટેનું શેડ્યુલ નિયત કરવાનું રહેશે. પ્રવેશ ફોર્મ ભરવાની અને રજુ કરવાની તારીખ વચ્ચે ઓછામાં ઓછા ૦૭ દિવસનો સમયગાળો રાખવાનો રહેશે. વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેના નિયમો, વિદ્યાર્થીના પ્રવેશની સંખ્યા (ઈન્ટેક) અને રાજ્ય સરકારશ્રી / યુ.જી.સી. ધ્વારા નિયત થયેલ અનામત નીતિ મુજબ જ પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. તેમજ સરકારી / ગ્રાન્ટ ઈન એઈડ / સેલ્ફ ફાઈનાન્સ કોલેજો / માન્ય સંસ્થાઓની મંજુર થયેલ ઈન્ટેકની મર્યાદામાં જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.**(તા:૧૨/૦૫/૨૦૧૭નો સ્નાતક અભ્યાસક્રમો અંગે ઈન્ટેક બાબતનો પત્ર)** ઈન્ટેક કેપેસીટીથી વધુ આપવામાં આવેલ પ્રવેશના એનરોલમેન્ટ / એનલીસ્ટમેન્ટ / રજીસ્ટ્રેશન સ્વીકારવામાં આવશે નહી અને તે અંગે ઉપસ્થિત થતી તમામ જવાબદારી આચાર્યશ્રી / સંચાલકશ્રીની રહેશે, જેની ખાસ નોંધ લેવી.

કુલસચિવ

ક્રમાંક:બી.કેએનએમયુ/જોડાણ/ **3153** /૨૦૧૭
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
બિલખા રોડ, ખડીયા, જુનાગઢ.
તા:૦૨/૦૬/૨૦૧૭

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ તરફ .....
- માન્ય સંસ્થાઓ/અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ/વડાઓ તરફ .......

**નકલ સાદર રવાના :**
(૧) માનનીય કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :**
૧) પી.જી. વિભાગ
૨) પરીક્ષા વિભાગ
૩) એકેડેમિક વિભાગ
૪) સંબધિત ફાઈલ
૫) કમ્પ્યુટર સેન્ટર-વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ થવા અર્થે.....